## (1) UN-ATT વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ આર્મસ્ ટ્રેડ ટ્રિટી છે.
(2) તાજેતરમાં ચીને આ સંધિમાં જોડાવાનું નક્કી કર્યું છે.
(3) આ સંધિ પારંપરિક હથિયારના આંતરરાષ્ટ્રીય વેપારનું નિયમન કરે છે.
(4) ભારત પણ આ સંધિનું સભ્ય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ UN-ATTનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ આર્મસ્ ટ્રેડ ટ્રિટી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સંધિ પારંપરિક હથિયારના આંતરરાષ્ટ્રીય વેપારનું નિયમન કરે છે. આ હથિયારોમાં નાના હથિયારથી ટેંક, લડાકું વિમાન અને લડાકું જહાજનો સમાવેશ થાય છે. આ સાથે હિંસા કે અથડામણ (Conflict) ધરાવતાં વિસ્તારોમાં પણ હથિયારોના પ્રવાહને નિયંત્રિત કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંધિ 24 ડિસેમ્બર,2014થી અમલમાં છે.

⇛ આ સંધિ હેઠળ સભ્ય દેશો દ્વારા થયેલા હથિયારના પરિવહનનો રેકોર્ડ રાખવો પડે છે.

⇛ તાજેતરમાં ચીને આ સંધિમાં જોડાવવાનું નક્કી કર્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારત આ સંધિનું સભ્ય નથી. ભારતે જણાવ્યું છે કે આ સંધિ આંતકવાદીઓ અને બિન–રાજ્ય પાત્રો (non-sate actors) માટે નબળી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) મુખ્યમંત્રી શ્રમિક (SHRAMIK) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ યોજના છત્તીસગઢ રાજ્ય દ્વારા લોંચ કરવામાં આવશે.

(2) અહીં શ્રમિકનું પૂરુંનામ 'શહેરી રોજગાર મંજૂરી ફોર કામગાર' છે.

(3) આ યોજના થકી શહેરી ગરીબની રોજગારની સુરક્ષામાં વધારો કરી શકાશે.

(4) આ યોજના હેઠળ લાભાર્થી ઓછામાં ઓછા 120 દિવસનું કામ માંગી શકશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઝારખંડ શહેરી તથા કૌશલ્ય ન ધરાવતાં લોકો માટે 'મુખ્યમંત્રી શ્રમિક યોજના' લોંચ કરશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ અહીં શ્રમિકનું પૂરુંનામ 'શહેરી રોજગાર મંજૂરી ફોર કામગાર' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજના મનરેગા યોજનાને આધાર બનાવીને લોંચ કરવામાં આવી છે.

⇛ આ યોજનાનો હેતું શહેરી ગરીબ લોકોની રોજગારીમાં સુરક્ષા વધારવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ યોજના હેઠળ લાભાર્થી લેખિતમાં અથવા મૌખિક રીતે ઓછામાં ઓછા 7 દિવસ અને વધુમાં વધુ 100 દિવસના કામ માટે માંગણી કરી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નિયમો મુજબ લઘુત્તમ વેતન આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સેંકાકુ ટાપુશ્રેણી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ ટાપુઓ બિનનિવાસી છે.

(2) તે તાઈવાનની ઉત્તરપૂર્વ બાજુએ આવેલાં છે.

(3) આ ટાપુઓની માલિકી માટે ચીન અને જાપાન વચ્ચે મતભેદ ચાલી રહયો છે.

(4) વર્તમાન સમયે જાપાન દ્વારા આ ટાપુઓ પર નિયમન થઈ રહયું છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સેંકાકુ ટાપુઓ તાઈવાનની ઉત્તરપૂર્વ બાજુએ પૂર્વી ચીની સમુદ્રમાં આવેલાં વિવાદાસ્પદ ટાપુઓ છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ ટાપુશ્રેણીમાં આઠ ટાપુઓ આવેલાં છે જે દરેક બિનનિવાસી છે. તેમનું કુલ ક્ષેત્રફળ આશરે 7 ચોરસ કિલોમીટર છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ ટાપુઓની પાસેથી રણનીતિક મહત્ત્વ ધરાવતો જહાજ માટેનો સમુદ્ર માર્ગ પસાર થાય છે તથા અહીં સમૃદ્ધ માછીમારીનો વિસ્તાર પણ છે. ઉપરાંત અહીં કાચા તેલનો સ્ત્રોત હોવાનું પણ માનવામાં આવે છે.

⇛ 1972થી આ ટાપુઓનું નિયમન જાપાન દ્વારા કરવામાં આવે છે પરંતુ હજુ સુધી તેનો કાયદાકીય દરજ્જો વિવાદાસ્પદ છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ચીન અને જાપાન બન્ને દેશો આ ટાપુને પોતાની માલિકીના ગણે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ ટાપુઓને જાપાન દ્વારા સેંકાકુ **(Senkaku)**, ચીન દ્વારા ડિઆઉ **(Diaoyu)** અને તાઈવાન દ્વારા તિઆયુતાઈ **(Tiaoyutai)** તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) મેરાપિ પર્વત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે એક સક્રિય જવાળામુખી છે.

(2) તે ઈન્ડોનેશિયામાં આવેલો છે.

(3) તે 'શીલ્ડ વોલ્કેનો' પ્રકારનો છે.

(4) તે ઈન્ડોનેશિયાનો સૌથી વધુ સક્રિય જવાળામુખી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 21 જૂનના રોજ મેરાપિ પર્વતનો જવાળામુખી બે વખત ઉત્સર્જિત થયો હતો.

⇛ આ પર્વત એક સક્રિય જવાળામુખી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ મેરાપિનો અર્થ 'અગ્નિ પર્વત' એવો થાય છે.

⇛ આ પર્વત ઈન્ડોનેશિયામાં મધ્ય જાવા અને યોગ્યકર્તા પ્રદેશની વચ્ચે આવેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે ઈન્ડોનેશિયાનો સૌથી વધુ સક્રિય જવાળામુખી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 1548થી તેમાં નિયમિતપણે પ્રસ્ફોટન જોવા મળે છે.

⇛ આ જવાળામુખી 'સ્ટ્રેટો વોલ્કેનો' પ્રકારનો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'કુંભાર સશકિતકરણ યોજના' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવી છે.
(2) આ યોજના વર્તમાન સમયે માત્ર ગુજરાત અને રાજસ્થાન માટે જ શરૂ કરવામાં આવી છે.
(3) યોજના હેઠળ કુંભારોને ઈલેકટ્રીક ચક્કો આપવામાં આવે છે.
(4) યોજના હેઠળ એડવાન્સ્ડ માટીની પેદાશો માટે તાલીમ પણ આપવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કુમ્હાર (કુંભાર) સશકિતકરણ યોજના ખાદી ગ્રામોદ્યોગ કમિશનની પહેલ છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ યોજના દેશના દૂરના વિસ્તારોમાં વસતાં કુંભાર સમુદાયને સશકત કરવા માટેની છે.

⇛ આ યોજના ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, જમ્મુ–કાશ્મીર, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આસામ, ગુજરાત, તમિલનાડુ, ઓડિશા, તેલંગાણા અને બિહારમાં કાર્યરત છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ યોજના હેઠળ કુંભારોને નીચે મુજબની સહાય કરવામાં આવે છે :

- એડવાન્સ્ડ માટીકામની પેદાશો માટે તાલીમ. (આથી, વિધાન **(4)** સાચું છે.)
- નવી ટેક્નોલોજીના સાધનો આપવા. જેમ કે, ઈલેકટ્રીક ચક્કો (કુંભારનું પૈડું) (આથી, વિધાન **(3)** સાચું છે.)
- બજાર સાથે જોડાણ તથા ખાદી ગ્રામોદ્યોગના એકિઝબિશન દરમિયાન પહેચાન.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT